જા.નં. મા-૨/૨૦૨૬ | 1564

તા. ~~૧૭~~/૦૧/૨૦૨૬
20

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ: ઉક્ત પત્રની નકલ

૧૨
૦૬-૧૨

(COURT)

# કોર્ટ ઓફ કમિશનર (દિવ્યાંગ વ્યક્તિઓ માટેના) ગુજરાત રાજ્ય

## THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT – 2016

કર્મયોગી ભવન,બ્લોક નંર.ગ્રાઉન્ડ ફ્લોર,ડી વિંગ- ૧,સેક્ટર-૧૦ ગાંધીનગર ૩૮૨૦૧૦.સંપર્ક નં.૫૬૭૪૯

સુઓ મોટો કેસ.નં.૧૯૪૧/૨૦૨૪

ક્રમાંક : કમિ/લિગલ/૨૦૨૫-૨૬/૭૬૧

તા.૬/૧૨/૨૦૨૫

0 6 DEC 2025

શિક્ષણ વિભાગ

પ્રતિવાદી

અધિક મુખ્ય સચિવશ્રી,

શિક્ષણ વિભાગ(Higher & Technical Education),

બ્લોક ન.૫/૭,૮, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર.

THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT-2016 ની કલમ ૪૦ થી ૪૫ માં દિવ્યાંગજનોને સુગમ્ય વ્યવસ્થા પ્રાપ્ત થાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ ભારત સરકાર દ્વારા પણ દિવ્યાંગજનો માટે સુગમ્ય વ્યવસ્થા કરવા માટેના "Harmonised Guidelines & Standards for Universal Accessibility in India 2021" પ્રસિધ્ધ કરેલ છે.

ભારત સરકાર દ્વારા તા.૧૯/૦૪/૨૦૧૭ થી "THE RIGHT OF PERSONS WITH DISABILITES ACT-2016" તથા સદર અધિનિયમના નિયમો તા.૧૫/૦૬/૨૦૧૭ થી જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે. RPWD Act-2016ની કલમ-૪૦ થી ૪૫ની જોગવાઇ મુજબ દિવ્યાંગ વ્યક્તિઓ માટે સમય-મર્યાદામાં સુગમ્ય (Accessible) સેવાઓ પૂરી પાડવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

જેના સંદર્ભે ભારત સરકારના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા તા.૨૫/૦૪/૨૦૨૨ ના અ.સ. પત્ર ક્રમાંક:07-02-2022-DD-III થી તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૧/૦૫/૨૦૨૨ના પત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૩૬૭૮૪૧/છ-૧ થી જણાવેલ હતું કે, RPwD Act-



જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- ૭૫૫

2016ની કલમ-૪૫ મુજબ જૂની તમામ જાહેર ઇમારતોને વધુમાં વધુ પાંચ વર્ષની સમય મર્યાદામાં રેટ્રોફીટીંગ કરવાની જોગવાઇ છે તથા નવી ઇમારતોના પ્લાન (નકશા) મંજૂરી સમયે RPwD Act, 2016ની કલમ-૪૦ અને ૪૪ મુજબ ઇમારતોને સુગમ્યતાના માપદંડ અનુસાર તૈયાર કરવાના પ્લાન (નકશા) રજૂ કરેલ હોય તો જ તેને મંજૂર કરી શકાય. રાજ્યના વિવિધ વિભાગ હેઠળના બાંધકામ યુનિટોની વિગતો પત્રકમાં દર્શાવેલ છે. આથી, આપના વિભાગ હસ્તકના જાહેર મકાનો સુગમ્ય બનાવવા શહેરી વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા બનાવેલ 'Harmonized Guidelines and Space Standards for Barrier-Free Built Environment for persons with Disability and Elderly Persons' મુજબ સુગમ્યતા ઉભી કરવાની કાર્યવાહી તા.૧૪/૦૬/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાની થતી હતી. સદર બાબતે અત્રેની કોર્ટ દ્વારા પણ પત્ર ક્રમાંક:કમિ/લિગલ/૨૦૨૧-૨૨/૨૦૩ તા.૧૮/૦૬/૨૦૨૨ના રોજ આપના વિભાગને સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા જણાવેલ હતું.

પરંતુ આપના વિભાગ તરફથી કામગીરી પૂર્ણ કરી અહેવાલ પ્રાપ્ત થયેલ નથી. જે બાબત અત્રેની કોર્ટને ધ્યાને આવેલ હોઇ, સુઓ મોટો કેસ તરીકે (suo motu) નોંધી સદર કેસની સુનાવણી કમિશનરશ્રી સમક્ષ તા.૨૮/૦૧/૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ જે સુનાવણીમાં શ્રી જે.ટી. બાંધણીયા (યુ.એસ., ટેકનીકલ એજ્યુકેશન ડિ.) તથા શ્રી અંકુરકુમાર ઉપાધ્યાય (યુ.એસ. HE & TE Edu. Dep.) હાજર રહેલ હતા તેમજ તા.૦૫/૦૭/૨૦૨૫ના રોજ શ્રી આર.આર. વ્યાસ (મ.સચિવ, ગુ.મા.ઉ.મા.શિ.બો.), શ્રી વી. એચ. પટેલ, (ના. નિ., ઉ.શિ.કમિ. ની કચેરી), શ્રી કુલદિપ એચ. તારપરા(OSD, ટેકનિકલ શિક્ષણ કમિ. ની કચેરી), સુશ્રી યામિની પટેલ (મ.સચિવ, રાજ્ય પરીક્ષા બોર્ડ), શ્રી વી. બી. મહેતા(ઓ.એલ, GCERT), ડો. અવનીબા (DD, GCERT), શ્રી વી. એમ. પરમાર (એસ. ઓ., શિ. વિ.) હાજર રહેલ હતા.

જે સુનાવણીમાં પ્રતિવાદી તરફથી પોતાની કચેરી તેમજ તેમના તાબા હેઠળ આવેલ કચેરીઓની માહિતી રજૂ કરેલ હતી, જેમાં ૩૯,૦૭૯ કચેરીઓ આવેલ છે, જે બાબતે પ્રતિવાદી તરફે ગૂગલ ફોર્મમાં ફોટોગ્રાફ રજૂ કરેલ છે, સદર ફોટોગ્રાફસ ને જોતાં "Harmonised Guidelines & Standards for Universal Accessibility in India 2021" પ્રસિધ્ધ કરેલ છે. તે મુજબની તમામ કચેરીઓની ઇમારતોને દિવ્યાંગજનો માટે સુગમ્ય વ્યવસ્થાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી.

જેથી "THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT-2016"ની કલમ- ૪૦ થી ૪૫ નુ પાલન કરવામાં આવેલ ન હોય અત્રેની કોર્ટ નીચે મુજબનો હુકમ કરે છે.

## હુકમ :-

પ્રતિવાદીની રજૂઆત તથા આધાર-પુરાવા તેમજ ગુગલ ફોર્મમાં રજૂ કરેલ ફોટોગ્રાફને ધ્યાને લેતા ભારત સરકાર દ્વારા દિવ્યાંગજનો માટે સરકારી તેમજ જાહેર ઈમારતોમાં સુગમ્ય વ્યવસ્થા કરવા માટેના Harmonised Guidelines and Standards for Universal Accessibility in India, 2021 પ્રસિધ્ધ કરેલ છે. તેનુ તેમજ "THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT-2016" ની કલમ-૪૦ થી ૪૫ નું પાલન કરવામાં આવેલ નથી, જેથી પ્રતિવાદીશ્રીએ Harmonised Guidelines and Standards for Universal Accessibility in India, 2021 મુજબ પોતાના વિભાગ તેમજ તાબા હેઠળની તમામ કચેરી/ઇમારતોને દિવ્યાંગજન માટે સુગમ્ય વ્યવસ્થા દિન-૯૦માં ઉપલબ્ધ કરાવી તેની ગુગલ ડ્રાઈવ બનાવી તેના ફોટોગ્રાફ્સ commi-pwd@gujarat.gov.in માં અપલોડ કરી તેનો અહેવાલ અત્રેની કોર્ટમાં રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ સાથે પ્રસ્તુત કેસનો નિકાલ કરવામાં આવે છે.

(વી.જે.રાજપૂત)
કોર્ટ ઓફ કમિશનર
દિવ્યાંગ વ્યક્તિઓ માટેના

નકલ રવાના:-

અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ (Higher & Technical Education), બ્લોક ન.૫/૭,૮, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક: ED/MSM/e-file/3/2025/0655/V-2
ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,

1. નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
2. નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
3. કમિશ્નરશ્રી, પી.એમ. પોષણ યોજનાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
4. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સેક્ટર નં ૧૦-બી,ગાંધીનગર
5. નિયામકશ્રી, ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ, સેકટર-૧૦-એ, ગાંધીનગર
6. સચિવશ્રી, ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧ ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
8. સ્ટેટ પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
9. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર નં ૧૨, ગાંધીનગર
10. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,,ગાંધીનગર
11. નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, બ્લોક નં ૧૨/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
12. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, નવરંગપુરા, અમદાવાદ.
13. નિયામકશ્રી, ઍન.સી.સી. કેમ્પ હનુમાન, કેન્ટોનમેન્ટ એરીયા, શાહીબાગ, અમદાવાદ
14. સચિવશ્રી, ગુજરાત શૈક્ષણિક સૈસ્થા સેવા ટ્રીબ્યુનલ કચેરી, અમદાવાદ.

વિષયઃ THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT-2016 ની કલમ ૪૦ થી ૪૫ મુજબ સુગમ્ય ભારત હેઠળ જોગવાઈ કરેલ હોવા છતા પાલન ન થવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના કોર્ટ ઓફ કમિશનર, ગુજરાત રાજ્યના તા.૦૫/૧૨/૨૦૨૫ ના પત્રની નકલ આ સાથે સામેલ રાખતા જણાવવાનું કે, કોર્ટ ઓફ કમિશનર દ્વારા THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT-2016 ની કલમ ૪૦ થી ૪૫ માં દિવ્યાંગજનોને સુગમ્ય વ્યવસ્થા પ્રાપ્ત થાય તેવી જોગવાઈ બાબતે નીચેની વિગતો અત્રેના ધ્યાન પર લાવેલ છે તેમજ કેસ નં.૧૯૪૧/૨૦૨૪ માં હુકમ કરેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

<u>કોર્ટ ઓફ કમિશનરનો હુકમ:</u>

પ્રતિવાદીની રજૂઆત તથા આધાર-પુરાવા તેમજ ગુગલ ફોર્મમાં રજૂ કરેલ ફોટોગ્રાફને ધ્યાને લેતા ભારત સરકાર દ્વારા દિવ્યાંગજનો માટે સરકારી તેમજ જાહેર ઈમારતોમાં સુગમ્ય વ્યવસ્થા કરવા માટેના Harmonised Guidelines and Standards for Universal Accessibility in India, 2021 પ્રસિધ્ધ કરેલ છે. તેનુ તેમજ "THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT-2016" ની કલમ-૪૦ થી ૪૫ નું પાલન કરવામાં આવેલ નથી, જેથી પ્રતિવાદીશ્રીએ Harmonised Guidelines and Standards for Universal Accessibility in India, 2021 મુજબ પોતાના વિભાગ તેમજ તાબા હેઠળની તમામ કચેરી/ઇમારતોને દિવ્યાંગજન માટે સુગમ્ય વ્યવસ્થા દિન-૯૦માં ઉપલબ્ધ કરાવી તેની ગુગલ ડ્રાઈવ બનાવી તેના ફોટોગ્રાફ્સ commi-pwd@gujarat.gov.in માં અપલોડ કરી તેનો અહેવાલ અત્રેની કોર્ટમાં રજૂ

કરવાનો હુકમ કરવામાં આવે છે.

આથી, સદર પત્રની વિગતો ચકાસી, પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરી, વિગતવાર અહેવાલ અત્રે રજુ કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ: ઉપર મુજબ

(એ. એમ. જાદવ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

નકલ રવાના: જાણ સારું.

(૧) ઉપ સચિવશ્રી (પ્રા.શિ.-૧) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) ઉપ સચિવશ્રી (પ્રા.શિ.-૨) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) ઉપ સચિવશ્રી (મા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) ઉપ સચિવશ્રી (ઉ.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) ઉપ સચિવશ્રી (ટે.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Verified

File No: ED/MSM/e-file/3/2025/0655/V-2 Co-ordination
Approved By: Additional Secretary,L - Services,ED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ક્રમાંક: પ્રાશિનિ/આંકડા/૨૦૨૫-૨૬/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં. ૧૨/૧ માળ, જુના સચિવાલય,
ગાંધીનગર(ગુ.રા.)

પ્રતિ ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીતમામ
ગુજરાત રાજ્ય

વિષય : The Right of Persons with Disabilities act 2016 ની કલમ 40 થી 45 મુજબ સુગમ્ય ભારત હેઠળ જોગવાઈ કરેલ હોવા છતા પાલન ન થવા બાબત

સંદર્ભ: ૧.શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક ED/0318/12/2025, તા.૧૧/૧૨/૨૦૨૫
૨.કોર્ટ ઓફ કમિશનર(દિવ્યાંગ વ્યક્તિઓ માટેના) પત્ર ક્રમાંક:કમિ/લિગલ/૨૦૨૫-૨૬/૯૫૧, તા.૦૫/૧૨/૨૦૨૫

ઉપરોક્ત સંદર્ભિત પત્ર અનુસાર The Right of Persons with Disabilities act 2016 ની કલમ 40 થી 45 માં દિવ્યાંગજનોને સુગમ્ય વ્યવસ્થા પ્રાપ્ત થાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ ભારત સરકાર દ્વારા દિવ્યાંગજનો માટે સુગમ્ય વ્યવસ્થા કરવા માટેના Harmonised Guidelines and Standards For universal Accessibilities in India 2021 પ્રસિધ્ધ કરેલ છે.

આપના જિલ્લાની ખાનગી, અનુદાનિત પ્રાથમિક શાળાઓની ઇમારતોમાં દિવ્યાંગજનો માટે સુગમ વ્યવસ્થા દિન ૯૦ માં ઉપલબ્ધ કરાવવા જણાવવામાં આવેલ છે. જે અન્વયે ઉક્ત સંદર્ભિત પત્ર મુજબ આપની કક્ષાએથી દિવ્યાંગજનો માટે સુગમ વ્યવસ્થા ઉપલબ્ધ કરવા નિયમોનુસાર નિયત સમય મર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરી તેની ગુગલ ડ્રાઈવ બનાવી તેના ફોટોગ્રાફસ commi-pwd@gujarat.gov.in માં અપલોડ કરી તેનો વિગતવાર અહેવાલ અત્રેની કચેરીના ઈ-મેઈલ divyang.dpe.guj@gmail.com પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક(મહેકમ)
પ્રાથમિક શિક્ષણ નિયામકનીકચેરી
ગુ.રા. ગાંધીનગર

બિડાણ : શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્ર
કોર્ટ ઓફ કમિશનર(દિવ્યાંગ વ્યક્તિઓ માટેના)નો પત્ર

ture Not Verified
M.R.Patel
ctor
.01.09
5:30